# હિંમતનગરમાં પાટીદારો દ્વારા ૩૧ ઓક્ટોબરે યોજાનાર મશાલ સરઘસનો કાર્યક્રમ રદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને હિંમતનગર પાલિકાની ચૂંટણીની તારીખો તાજેતરમાં જાહેર થતાની સાથે જ તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતાનો અમલ લાગુ કરી દેવાયો છે. જેના કારણે પાટીદાર અનામત આંદોલનના સાબરકાંઠા એકમ દ્વારા તા. ૨૧ ઓક્ટોબરે સરદાર જયંતિ નિમિત્તે હિંમતનગરમાં યોજાનાર મશાલ સરઘસનો કાર્યક્રમ રદ કરાયાની બુધવારે જાહેરાત કરાઈ છે.

આ અંગે પાસના કન્વીનર રવિ પટેલના જણાવ્યા મુજબ પાટીદારો દ્વારા તા. ૩૧ ઓક્ટોબરે હિંમતનગર ખાતે ટાવર ચોકમાં આવેલ સરદારની પ્રતિમા આગળ પાટીદારો દ્વારા મશાલ સરઘસનો પ્રારંભ કરવાનું નક્કી કરાયું હતું. પરંતુ ચૂંટણીને ધ્યાનમાં લઈને આ કાર્યક્રમ રદ કરાયો છે. જોકે આ દિવસે પાટીદાર યુવાઓ સરદાર પટેલની પ્રતિમાને દૂધથી સ્નાન કરાવી પુષ્પાંજલિ અર્પણ કરશે. ઉપરાંત જિલ્લાના પાટીદાર વસ્તીવાળા ગામના મહોલ્લાઓમાં નેતાઓના પ્રવેશ માટે ૧૪૪ની કલમ લાગુ કરાવી છે. જેના કારણે ચૂંટણી સંદર્ભે મત માંગવા આવતા નેતાઓ પાટીદારોની મંજુરી વિના તેમના મહોલ્લામાં પ્રવેશ કરી શકશે નહિ અને જો પ્રવેશ કરશે તો તેના માટે કઈ થશે તો તેઓ જવાબદાર રહેશે એવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

૨૫થી વધુ પાટીદારોએ ધર્મ પરિવર્તન કરવાની ચીમકી આપી છે. પાસના કન્વીનર રવિ પટેલના જણાવ્યા મુજબ ગુજરાતમાં અન્ય સ્થળે અનામતનો લાભ મેળવવા માટે કેટલાક પરિવારો ધર્મ પરિવર્તન કરવા માટે તંત્રની પરવાનગી માંગી રહ્યા છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ ૨૫થી વધુ પાટીદારોએ ધર્મ પરિવર્તન કરી ખ્રિસ્તી ધર્મ અંગિકાર કરવા માટે જિલ્લા કલેકટરની બુધવારે પરવાનગી માંગી હોવાનું જણાવાયું છે.



**પોલીસ સતર્ક :** તહેવારો નજીક હોવાથી પોલીસ વધારે સતર્ક બની છે. રાજ્યના હાઈ-વે અને એક્સપ્રેસ હાઈવે પર કડક ચેકીંગના આદેશો અપાયા છે. પરપ્રાંતથી આવતા ભારે વાહનોની ચકાસણી બારીકાઈથી કરાય છે.

# મહાનગરપાલિકાઓમાં ઓછા મતદાનની સંભાવના

અમદાવાદ, તા.૨૮

રાજયમાં છ મહાનગરપાલિકાની ચૂંટણીને સૌથી વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ વર્ષ ૨૦૧૦માં મ્યુનિ.કોર્પોરેશનની ચૂંટણીમાં જે મતદાન થયું હતું. તેની સરખામણીમાં આ વખતે મતદાનની ટકાવારી ઓછી રહેવાની શક્યતા છે. શહેરમાં ૨૨ નવેમ્બર ૨૦૧૫ના રોજ યોજાનારી ચૂંટણીમાં તહેવારનો માહોલ, શૈક્ષણિક સંસ્થાઓમાં રજાના પરિણામ સ્વરૂપે ૨૦૧૦માં મ્યુનિ.કોર્પોની ચૂંટણીમાં જે મતદાન થયું હતું. તેના કરતા પણ ઓછું મતદાન થઈ શકે છે. નિરીક્ષકોનું કહેવું છે કે, ઘણા ફેરફાર પણ કરવામાં આવ્યા છે. જે અણધાર્યા પરિણામો લાવી શકે છે. ૨૦૧૦માં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ૪૪.૧૨ ટકા હતી. રાજયચૂંટણી પંચ દ્વારા ૨૪ ઓક્ટોબરે રાજયની અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, અને સુરત મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયત ૨૩૦ તાલુકા પંચાયત, ૫૬ નગરપાલિકાઓની સામાન્ય ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. ૨૨મી નવેમ્બરના દિવસે ૬ મહાનગરપાલિકા માટે મતદાન થશે. આ છ મહાનગરપાલિકાઓમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને સુરતનો સમાવેશ થાય છે. મતદાન સવારે ૮ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી થશે.



**ફટાકડા :** દિવાળીના કાઉન-ડાઉનની સાથે જ બજારમાં ફટાકડા આવી પહોંચ્યા છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં તૈયાર થતાં ફટાકડા પણ આજકાલ ઝડપથી બજારમાં વેચાણ માટે ખડકાવા લાગ્યા છે. આ ઉપરાંત દક્ષિણ ભારતના શિવાકાશીના ફટાકડા પણ જંગી પ્રમાણમાં આવી પહોંચ્યા છે.

# કપાસ, મગફળીના ટેકાના ભાવો સરકારે જાહેર કર્યા

## મગફળીના ૨૦ કિલોના ૮૧૦ રૂપિયા, કપાસના ૨૦ કિલોના ૮૦૬ રૂપિયાના ટેકાના ભાવ અંતે જાહેર કરાયા

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત સરકારે કપાસ અને મગફળીના ટેકાના ભાવો આજે જાહેર કર્યા હતા. આને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલ ચર્ચાનો અંત આવી ગયો છે. સરકારે મગફળીના ટેકાના ભાવો જાહેર કરતીવેળા ઘણી બધી બાબતોને ધ્યાનમાં લીધી નથી તેવી ફરીયાદ વચ્ચે મગફળીના ૨૦ કિલોના ૮૧૦ રૂપિયા અને કપાસના ૨૦ કિલોના ૮૦૬ રૂપિયાના ટેકાના ભાવ જાહેર કર્યા છે. આનંદીબેન પટેલ સરકારે જાહેર કરેલા ટેકાના ભાવોની સમીક્ષા કરવાની માંગણી ઉઠવા લાગી ગઈ છે. કોંગ્રેસે ભારે વાંધો ઉઠાવ્યો છે. ગુજરાત પ્રદેશ કિસાન-ખેત મજદુર કોંગ્રેસના પ્રમુખ અને પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મરે સરકારને દેવાના બોજા હેઠળ દબાયેલા ખેડુતોનું શોષણ બંધ કરવાની હિમાયત કરતાં કપાસ અને મગફળીના ટેકાના ભાવોની પુનઃસમીક્ષા કરવા જણાવ્યું છે. વિરજીભાઈએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાને ચૂંટણી સમયે ખેડુતોને કપાસ અને મગફળીના ૧૫૦૦ રૂભાવોના સપનાઓ દેખાડી ખેડુતોના મત મેળવ્યા ખેડુતોને અન્યાય અન્યાયની ખોટી બુમો પડી ઉશ્કેર્યા હતા અને છેતર્યા છે એ આજે સરકારે જાહેર કરેલા ટેકાના ભાવો ઉપરથી ફલિત થાય છે. વીરજીભાઈએ અંતમાં જણાવ્યું કે, એકબાજુ બિયારણ, રસાયણિક ખાતરી અને જંતુનાશક દવાઓના ઉંચા ભાવો, મોંઘીદાટ વીજળી અને મજુરીના દરો ખેતીના વપરાશમાં લેવાતી ઈલેક્ટ્રિક મોતરી અને ટ્રેક્ટરોનો ઘસારો તથા મેઈન્ટેન્સ અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વગેરે આનુંષાંગીક ખર્ચાઓ અને બીજી બાજુ ખેતીના ઉપયોગમાં લેવાતી માટીની ગુણવત્તામાં ઘટાડો, જમીનની ઉત્પાદક ક્ષમતામાં ઘટાડો, ગુજરાત સહિત મગફળીના અન્ય ઉત્પાદક રાજયો રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં પણ વરસાદની ખાદ્યના કારણે ઉત્પાદનમાં ઘટાડો થયો છે. એથી વિશેષ ખાદ્યતેલોની રેકોર્ડ બ્રેક આયાત અને મગફળીની નિકાસમાં નોંધપાત્ર જંગી ઘટાડો વગેરે પરિબળોને ધ્યાનમાં રાખી સરકારે મગફળીના ટેકાના ભાવો જાહેર કરવા જોઈએ તેને બદલે મગફળીના ૨૦ કિલોના ૮૧૦ અને કપાસના ૨૦ કિલોના ૮૦૬ ટેકાના ભાવો જાહેર કર્યા છે. તે તદ્દન અન્યાયી અને ખેડુતોની ક્રુર મશ્કરી સમાન છે. તેથી ખેડુતોના હિતમાં ટેકાના ભાવોની પુનઃસમીક્ષા કરવા માંગણી કરીએ છીએ.



## દેત્રાલ પ્રાથમિક શાળાનું ગૌરવ

પોશીના તાલુકાના દેત્રાલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ડાભી પ્રવિણભાઈ વસ્તાભાઈએ પોશીના તાલુકા રમતોત્સવમાં ગોળાફેંકમાં પ્રથમ આવી જિલ્લા કક્ષાએ પસંદ થયેલ છે. જે બદલ વિદ્યાર્થીને આચાર્ય ચૌધરી ગિરીશકુમાર આર. અને સ્ટાફ મિત્રોએ બિરદાવ્યો હતો.

# કોપી કેસ મામલે આંબડેકર યુનિનાં વિદ્યાર્થીઓ નાખુશ

## કોપી કેસના વિરોધમાં જોરદાર સુત્રોચ્ચાર કરીને દેખાવો કરાયા : યુનિવર્સિટી વહીવટી તંત્રમાં જોરદાર ખળભળાટ

અમદાવાદ, તા.૨૮

અમદાવાદમાં આવેલી બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં બીબીએ અને બીસીએના વિદ્યાર્થીઓએ પોતાના પર થઈ રહેલા કોપી કેસના વિરોધમાં આજે સૂત્રોચાર કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.




આ સાથે આ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પર રૂપિયા કમાવવા માટે જાણી જોઈ કોપી કેસ કરવાનું કૌભાંડ આચરાઈ રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો છે. જેનાં કારણે યુનિવઓર્સિટીના વહીવટીતંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં કાર્યરત બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં છેલ્લે બીબીએ અને બીસીએની પરીક્ષા લેવામાં આવી હતી.

આ પરીક્ષા દરમિયાન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં ૧૨૦૦ વિદ્યાર્થીઓ પૈકી લગભગ ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ પર કોપી કેસ કરવામાં આવ્યા છે. જેના કારણે યુનિવર્સિટી સામે વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. છાસવારે કરવામાં આવતા આ કોપી કેસના કારણે તેમના અભ્યાસ પર ખુબ જ ગંભીર અસરો પડી રહી છે તો બીજી તરફ યુનિવર્સિટીના મનસ્વી ઓર્ડીનન્સના કારણે અનેક વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સામે પણ પ્રશ્નાર્થ સર્જાવવા પામ્યા છે.

જેથી યુનિવર્સિટીના આ મનસ્વી વ્યવહારનાં વિરોધમાં યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા બીબીએ અને બીસીએના રાજયભરના વિદ્યાર્થીઓ આજે અમદાવાદ સ્થિત યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચ્યા હતા. જ્યાં તેમણે પોસ્ટર બતાવી તેમજ સુત્રોચ્ચાર કરીને પોતાની સામે કરવામાં આવેલ કોપી કેસ રદ કરવા માટે ઉગ્ર માંગણી વ્યક્ત કરી હતી.

સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા એવો ગંભીર આક્ષેપ પણ લગાવવામાં આવ્યો હતો કે વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ઉઘરાવવા માટે યુનિવર્સિટી જાણી જોઈએ કોપી કેસ કરવાનું કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓ દ્વારા આ મામલે કુલપતિને લેખીતમાં આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યું હતું જો કે, આ મામલે યુનિવર્સિટીના કુલપતિએ શા માટે કોપી કેસ કરવામાં આવ્યા તેનું કારણ રજુ કરીને યુનિવર્સિટીના નિર્ણયનો બચાવ કર્યો હતો. પરંતુ એક તરફ જયાં રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને સારો અભ્યાસ મળી રહે તે માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ આ પ્રકારે રાજયમાં કાર્યરત યુનિવર્સિટીઓ પર આવા ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આવા મામલે વિદ્યાર્થીઓના હિતમાં તટસ્થ તપાસ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

**આમળાનું આગમન :** શિયાળાના પ્રારંભની સાથે આરોગ્યવર્ધક આમળા બજારમાં ઠલવાવા લાગ્યા છે. વિટામિન-સીથી ભરપુર આમળા ઘણા બધા રોગોની પ્રતિકારક શક્તિ આપે છે. જેથી સમાજમાં મોટા ભાગના નાગરિકો શિયાળાના બારેમાસ આમળાનું સેવન કરે છે.

## વડાલીમાંથી બાઈક ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

પોશીના તાલુકાના સુરેશભાઈ રેવાભાઈ પંડ્યાના બાઈક નં. જીજે.૧૮.એજે.૭૭૭૧ની હિંમતનગરના રમેશભાઈ ઉર્ફે રેમો ઉર્ફે રાજ મોતીભાઈ ભરવાડે ગત તા. ૧૧ ઓગષ્ટે વડાલીમાંથી ચોરી કરીને લઈ ગયા હતા. જેથી સુરેશભાઈ પંડ્યાએ હિંમતનગરના શખ્સ વિરૂદ્ધ મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

**રક્તદાન મહાદાન**

# ધનસુરામાં શંકાસ્પદ ડેન્ગ્યુના ચાર કેસ નોંધાયા

ધનસુરા, તા. ૨૮

ધનસુરા સહિત અરવલ્લી જિલ્લામાં વાતાવરણ બદલાતા ભેજનું પ્રમાણ વધારે થવા પામ્યું છે. આથી શરદી, ખાંસી ફીવર અને ડેન્ગ્યુના શંકાસ્પદ દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ સ્થાનિક આરોગ્યતંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

ધનસુરા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી સાંજ પડતાં જ વાતાવરણમાં ભારે બદલાવ આવતા સ્થાનિકો ઠંડી અનુભવી રહ્યા છે. બીજી તરફ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે રહેતા તેની અસર સીધી લોકોના આરોગ્ય પર થઈ રહી છે. પરિણામે ફિવરના દર્દીઓથી સ્થાનિક સરકારી દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે. જ્યારે ધનસુરામાં ડેન્ગ્યુના પણ ચાર શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ મળી આવતા તમામ દર્દીઓને વધુ સારવાર માટે મોડાસા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધનસુરામાં ડેન્ગ્યુના દર્દીઓ મળી આવતા આરોગ્યતંત્ર પણ દોડતું થઈ ગયું હતું.

# રાજયમાં સ્વાઈન ફ્લુથી વધુ એકનું મોત

અમદાવાદ, તા.૨૮

કિલર સાબિત થઈ રહેલા સ્વાઈન ફ્લુના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. દરરોજ નવા-નવા કેસ સપાટી પર આવી રહ્યા છે. આજે સ્વાઈન ફ્લુના વધુ ચાર કેસ સપાટી પર આવ્યા હતા. આની સાથે જ ઓગસ્ટ બાદથી કેસોની સંખ્યા વધીને ૪૯૭ ઉપર પહોંચી ગઈ છે.

આજે દેવભૂમિ દ્વારકામાં સ્વાઈન ફ્લુના કારણે એકનું મોત થયું હતું. આની સાથે જ મોતનો આંકડો વધીને ૫૯ ઉપર પહોંચી ગયો હતો. સ્વાઈન ફ્લુગ્રસ્ત લોકોની સંખ્યા હજુ પણ ૨૬ છે અને આ લોકો સારવાર હેઠળ છે. સારવાર બાદ સાજા થઈ ચુકેલા લોકોની સંખ્યા ૪૧૨ નોંધાઈ છે. આજે જે વિસ્તારમાં સ્વાઈન ફ્લુના ચાર નવા કેસ નોધાયા હતા તે પૈકી વડોદરા, બનાસકાંઠા, પોરબંદર, જુનાગઢમાં ૧-૧ કેસનો સમાવેશ થાય છે.સ્વાઈન ફ્લુના કારણે હાલ લોકોમાં ભારે દહેશત ફેલાયેલી છે. સંબંધિત વિભાગો દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં સ્વાઈન ફ્લુ રોગને રોકવાની સફળતા મળી રહી નથી. જે ચિંતા ઉપજાવે તેમ છે. સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધતા તંત્ર ચિંતાતુર બનેલું છે.

સ્વાઈન ફ્લુને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કોઈ અસર દેખાઈ રહી નથી. નવા-નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા અને જનજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવા છતાં કેસો સતત નોંધાઈ રહ્યા છે. હાલમાં ભારે આતંક મચાવી રહેલા અને સેંકડો લોકોને સકંજામાં લઈ લેનાર કિલર બનેલા સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા છે.

## મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડા લાલુ યાદવના બે પુત્રોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. તેમના પુત્રોને જીત અપાવવા માટે લાલુ આ વખતે દર વખત કરતા વધારે મહેનત કરી રહ્યા હતા. લાલુ સતત રેલીઓ કરી રહ્યા હતા. ત્રીજા તબક્કામાં જે જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે તેમાં પટણા, વૈશાલી, સારન, નાલંદા, બક્સર અને ભોજપુર જિલ્લાનો સમાવેશ થાય છે. ત્રીજા તબક્કામાં કુલ ૧.૪૫ કરોડ મતદારો પૈકી ૫૩.૩૨ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૭૧ મહિલાઓ સહિત ૮૦૮ ઉમેદવારોના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. રાજ્યમાં ત્રીજા તબક્કાના મતદાન માટે ૧૪૧૭૦ મતદાન મથકો હતા. જે પૈકી ૬૭૪૭ મતદાન મથકો સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તમામ બુથ પર કેન્દ્રિય દળના જવાન તૈનાત કરવામાં આવ્યા હતા. લાઈવ વેબકાસ્ટિંગ ૭૧૬ મતદાન મથકો ખાતે કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ચૂંટણીમાં ૩૨૨૮ માઈક્રો ઓબ્ઝર્વર ગોઠવી દેવામાં આવ્યા હતા. મતદાનને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે તમામ તૈયારી પહેલાથી જ કરવામાં આવી હતી. કારણકે, લાલુ યાદવના બે પુત્રો તેજ પ્રતાપ યાદવ અને તેજસ્વી યાદવ ચુંટણી મેદાનમાં હતા. આજના મતદાનની સાથે જ જે ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા તેમાં ભાજપના વરિષ્ઠ નેતા નંદકિશોર યાદવ (પટણા સાહિબ), પ્રધાન શ્યામ રાજક, શ્રવણકુમાર, નાયબ અધ્યક્ષ અમરેન્દ્ર પ્રતાપસિંહનો સમાવેશ થાય છે. શ્યામ રાજક અને શ્રવણ કુમાર ક્રમશઃ ફુલવાડી અને નાલંદા બેઠક પરથી ભાગ્ય અજમાવી રહ્યા છે. જ્યારે અમરેન્દ્ર પ્રતાપસિંહ આરા બેઠક પરથી મેદાનમાં હતા. રાજ્ય વિધાનસભામાં ભાજપના મુખ્ય દંડક અરુણકુમાર સિન્હા પણપણ ચુંટણી મેદાનમાં હતા. ચુંટણીને ધ્યાનમાં લઈને ૩૨૨૮ માઈક્રો ઓબ્જર્વર તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૫૦થી વધુ જનરલ ઓબ્જર્વર, ૧૮ ખર્ચ ઓબ્જર્વર, ૬ પોલીસ અને ૬ જાગૃતિ ઓબ્જર્વર તૈનાત કરવામાં આવ્યા હતા. કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ તમામ પગલા લેવાયા હતા. સ્થિતિને હળવી કરવા છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી.ત્રીજા તબક્કાના મતદાનના એક દિવસ તમામ મોટા નેતાઓ પ્રચારમાં રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો છે. હાલમાં બિહારમાં જોરદાર જંગ છે. ત્રણ મુખ્ય પક્ષો મેદાનમાં છે. જેડીયુ અને આરજેડી તેમજ ભાજપ વચ્ચે મુખ્ય સ્પર્ધા થનાર છે.

## ગભરાતો નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળશે.અધિકારીઓએ કહ્યુ છે કે રાજન મુંબઈ બ્લાસ્ટ પાછળના વ્યક્તિગતો અને અન્ય દાઉદના સાથી અંગે વધારી માહિતી ધરાવે છે. જેથી ભારતને ફાયદો થશે. છોટા રાજને શરૂઆતમાં તે રાજન હોવાની વાત છુપાવી રહ્યો હતો. ઓસ્ટ્રેલિયન અને ઈન્ડોનેશિયન પોલીસના સંયુક્ત ઓપરેશનમાં તે ઝડપાયો હતો. સાત વર્ષથી તે ઓસ્ટ્રેલિયામાં હતો.

## પ્રતિમા બનાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રામ સુથારનો એકનો એક દિકરો અમેરિકા સ્થિર થયો હતો પણ ૧૯૯૪માં પરત ભારત આવી પિતાની સાથે વ્યવસાયમાં જોડાયો હતો.

રામ સુથારે અત્યાર સુધીમાં ૮૦૦થી પણ વધુ પ્રતિમાઓ તૈયાર કરી છે.

આગામી દિવસોમાં પંજાબ માટે ૧૫૦ ફૂટની તલવાર તૈયાર કરવામાં પણ તેઓ વ્યસ્ત છે. આજે દિલ્હીથી ટ્રેલર મારફતે પ્રતિમા ગાંધીનગર આવી પહોંચી હતી. તેમણે નિર્માણ કરેલ ૧૬ જેટલી પ્રતિમાઓ તો હાલ ભારતીય સંસદના પરિસરમાં છે.

ગાંધીજીના સ્ટેચ્યુ તેમણે સૌથી વધુ બનાવ્યા છે. રામ સુથારે ગાંધીનગર માટે જ આ બીજુ સ્ટેચ્યુ બનાવ્યું છે. અગાઉ તેમણે હાલ વિધાનસભા સંકુલમાં રહેલ મહાત્મા ગાંધીની પ્રતિમા બનાવેલ છે.

**જાહેર નિવિદા**

આ નિગમના લોનીઓના આશરે ૮,૦૦૦ ખાતાઓનું મુદલ, વ્યાજ અને દંડનિય વ્યાજની કોમ્પ્યુટરાઈઝેશન ગણતરી કરાવવા ગાંધીનગર / અમદાવાદ ખાતેની એજન્સીઓ પાસેથી એક ખાતા દીઠ ગણતરીના તથા સોફ્ટવેર તૈયાર કરી આપવાના ભાવો તા. ૭/૧૧/૧૫ સુધી મંગાવવામાં આવે છે. આ અંગેની શરતો અને બોલીઓ નિગમની કચેરીએથી મળી રહેશે.

કચેરીનું સરનામું

**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ**

બ્લોક નં. ૧૧/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૫૬૧